# Telephone Conversation between PM and Prime Minister of Ireland

April 22, 2020

## વડાપ્રધાન અને આયર્લેન્ડનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 22, 2020

આજે આયર્લેન્ડનાં વડાપ્રધાન મહામહિમ ડૉ. લીઓ વારાડકર સાથેનાં ટેલીફોન કૉલ દરમિયાન, વડાપ્રધાને કોવિડ-19 મહામારીની સ્થિતિ અંગે અને તેની આરોગ્ય પરની અને આર્થિક અસરનું નિયંત્રણ કરવા માટે બન્ને દેશો દ્વારા લેવામાં આવેલા પગલાઓની ચર્ચા કરી હતી.

વડાપ્રધાન વારાડકરે આયર્લેન્ડમાં આ ચેપ સામેની લડાઈમાં ભારતીય મૂળનાં ડૉક્ટરો અને નર્સો દ્વારા ભજવવામાં આવી રહેલી ભૂમિકાની પ્રશંસા કરી હતી. વડાપ્રધાને આયર્લેન્ડમાં હાજર ભારતીય નાગરિકોને આપવામાં આવી રહેલી સંભાળ અને સહાયતા બદલ વડાપ્રધાન વારાડકરનો આભાર માન્યો હતો, અને ભારતમાં આઈરિશ નાગરિકોને તેનાં જેવી જ સુવિધાઓ પ્રદાન કરવાનું વચન આપ્યું હતું.

બન્ને નેતાઓ સંમત થયા હતા કે મહામારી સામેની વૈશ્વિક લડાઈમાં યોગદાન આપવા માટે ભારત અને આયર્લેન્ડ ફાર્માસ્યુટિકલ્સ અને તબીબી ક્ષેત્રોમાં તેઓની તાકાતોનો ઉપયોગ કરી શકે છે. તેઓએ કોવિડ બાદનાં સંદર્ભમાં આયર્લેન્ડ તેમજ યુરોપિયન યુનિયન સાથે ભારતનાં સહકારને વધારે મજબૂત કરવાની સંભાવનાં પર મનોમંથન કર્યું હતું.

આ બન્ને નેતાઓ સંપર્કમાં રહેવા અને આ કટોકટીનાં ઉપસી રહેલા આયામો પર એકબીજાનાં પરામર્શમાં રહેવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**એપ્રિલ 22, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.